રજુ તારીખ : ૦૯/૦૮/૨૦૦૨

નોંધ્યા તારીખ : ૦૯/૦૮/૨૦૦૨

ફૈંસલ તારીખ : ૧૧/૦૨/૨૦૨૫

અવધિ : ૨૨ –વર્ષ ૦૬–માસ ૦૨–દિન

ઝઘડીયાના મહે.પ્રિન્સિ.સીની.સિવિલ જજ સાહેબશ્રીની કોર્ટમાં, મુ.ઝઘડીયા.જી.ભરૂચ.

સ્પે.મુ.નં.૦૩/૨૦૧૭
(જુનો સ્પે.મુકદ્દમા નં.૨૯૦/૨૦૦૨)
આંક :–૧૮૬

વાદી :– ૧. બેંક ઓફ બરોડા,વાલીયા શાખા
તા.વાલીયા,જી.ભરૂચ.

વિરૂધ્ધ.

પ્રતિવાદી:– **(૧) મર્હુમ હીંમતાભાઈ રામસંગ વસાવાના વારસો,**
(૧) મેલીબેન તે હીંમતાભાઈ રામસંગ વસાવાની વિધવા મરણ ગયેલ હોવાથી તેમના વારસો.
(૧/૧) મનસુખભાઈ હિંમતાભાઈ વસાવા,
(૧/૨) સોમાભાઈ હિંમતાભાઈ વસાવા,
(૧/૩) છનાભાઈ હિંમતાભાઈ વસાવા,
(૧/૪) સુરમાભાઈ હિંમતાભાઈ વસાવા,
(૧/૫) સુરસીંગભાઈ હિંમતાભાઈ વસાવા,
(૧/૬) મંગાભાઈ હિંમતાભાઈ વસાવા,
(૧/૭) સોમીબેન હિંમતાભાઈ વસાવા,
(૧/૮) દિનેશભાઈ હિંમતાભાઈ વસાવા,
તમામ રહે. મોદલીયા પઠાર,તા. વાલીયા,જી.ભરૂચ.
(૧/૯) સ્વ. રાજુબેન હિંમતાભાઈ વસાવાના વારસો
(૧/૯/૧) શંકરભાઈ પીચાભાઈ વસાવા
રહે. મુ.સોલીયા, તા. ડેડીયાપાડા,જી. નર્મદા,
(૧/૯/૨) મુરીબેન પીચાભાઈ વસાવા,

રહે. ગાજરગોટા,તા. ડેડીયાપાડા, જી. નર્મદા.

(૧/૧૦) સ્વ. બજુબેન હિંમતાભાઈના વારસો

(૧/૧૦/૧) અંકીતભાઈ દલસુખભાઈ વસાવા,
રહે. મુ.બેડોલી,તા. વાલીયા, જી. ભરૂચ,

(૧/૧૦/૨) જશુબેન અમરસીંગ વસાવા,
રહે. મુ.નવાનગર, તા. વાલીયા, જી. ભરૂચ

૨. સોમાભાઈ હિંમતાભાઈ વસાવા,
રહે. ડી.આર.ડી.એ ઓફીસ, ડેડીયાપાડા,
તા. ડેડીયાપાડા, જી. નર્મદા,

૩. મંગાભાઈ હિંમતાભાઈ વસાવા,
રહે. મહાત્મા ગાંધી હાઈસ્કુલ, ભાલોદ,
તા. ઝઘડીયા, જી. ભરૂચ.

૪. મરનાર અભેસિંહ હમીરસિંહ ખેરના વારસો,

(૪/૧) રતનબેન અભેસિંહ ખેર,

(૪/૨) દેવેન્દ્રસિંહ અભેસિંહ ખેર,

(૪/૩) સુરેન્દ્રસિંહ અભેસિંહ ખેર,
તમામ રહે. હીરાપોર, તા. વાલીયા, જી. ભરૂચ.

બાબત :	**દાવો રૂા. ૮,૧૫,૧૭૨/– ના આંકથી રકમ વસુલ મેળવવા માટેનો.**

વાદી તરફે	:	વિ.વ.શ્રી આર.સી.પરમાર
પ્રતિવાદી તરફે	:	વિ.વ.શ્રી એચ.એસ.માટીએડા

–:: ઠ રા વ ::–

(૧) વાદીની દાવા અરજીની ટૂંકમાં હકીકત એવી છે કે, વાદી ધી બેંકીગ કંપનીઝ એકવીઝીશન એકટ અંડર ટેકીંગ એકઠ હેઠળ રાષ્ટ્રીયકૃત કંપની છે અને જેની મુખ્ય ઓફીસ વડોદરા મુકામે આવેલ છે અને તેની અનેક શાખાઓ પૈકી એક શાખા વાલીયા મુકામે પણ આવેલ છે. વાદી બેંકની અનેક શાખાઓ પૈકી એક શાખા ચંદેરીયા, તા. વાલીયા મુકામે આવેલ હતુ પરંતુ ચંદેરીયા શાખાને બે વર્ષ ઉપર વાદી બેંકની વાલીયા શાખામા મર્જ કરવામા આવેલ હોવાથી તે અંગેના તમામ વહેવાર વાદી બેંકની વાલીયા

શાખા તરફથી કરવામા આવી રહે છે અને તેથી પ્રતિવાદી નં.૧ તથા ૨ એ લીધેલ લોન અંગે દાવો કરવા વાદી બેંકને કાયદેસર હકક અને અધિકાર પ્રાપ્ત થયેલ હોય આ દાવો વાદી બેંકની વાલીયા શાખા તરફથી કરવામા આવેલ છે.

વધુમા વાદીએ તેઓની દાવા અરજીમા જણાવેલ છે કે, મર્હુમ પ્રતિવાદી નં.૧ તથા પ્રતીવાદી નં.૨ બાપ દીકરા થતા હોય અને તેઓએ ટેમ્પો ખરીદવા માટે ટર્મ લોન મેળવવા માટે વાદી બેંકની તે સમયની ચંદેરીયા શાખામા અરજી કરેલ અને જે અરજી મંજુર થતા પ્રતિવાદી નં.૧ તથા ૨ ને ટેમ્પો ખરીદવા માટે રૂા. ૨,૩૧,૦૦૦/– ની ટર્મ લોન આપવાનુ નકકી થયેલ અને તા. ૦૨/૦૪/૧૯૯૧ ના રોજ પ્રતિવાદી નં.૧ તથા ૨ ને રૂા. ૨,૩૧,૦૦૦/– ટર્મ લોન તરીકે ધીરેલા. જેથી મર્હુમ પ્રતિવાદી નં.૧ તથા પ્રતિવાદી નં.૨ એ વાદી બેંકના લાભમા તા. ૦૨/૦૪/૧૯૯૧ ના રોજ રૂા. ૨,૩૧,૦૦૦/– નુ ડીમાન્ડ પ્રોમીસરી નોટ લખી આપેલ અને સદર લોનની રકમ ૧૪% ના વ્યાજ તથા બેંકના ધારા ધોરણ મુજબના ખર્ચ સહીત ભરપાઈ કરવાની જવાબદારી સ્વીકારેલ અને તેજ તારીખે પ્રતિવાદી નં.૧ તથા ૨ એ વાદી બેંકના લાભમા લેટર ઓફ હાઈપોથીકેશન ઓફ વ્હીકલ્સનો એગ્રીમેન્ટ કરી આપેલ અને સદર લોનથી ખરીદવામા આવતો ટાટા–૬૦૮ ટેમ્પો સદરહુ લોનની રકમ પેટે વાદી બેંકને તારણમા આપેલ તથા સદર લોનની રકમ માટે મર્હુમ પ્રતિવાદી નં.૧ તથા પ્રતિવાદી નં.૨ એ તેમની માલિકીની મોજે પઠાર, તા. વાલીયાની નીચે મુજબની ખેતીની જમીનો તારણમા આપેલ અને તે માટે ગુજરાત કૃષિ ધિરાણ (સુવિધા જોગવાઈ) અધિનિયમ–૧૯૭૯ ની કલમ–૫ ની પેટા કલમ–(૧) હેઠળ એકરારનામુ લખી આપી તે સબ રજીસ્ટ્રારશ્રી ઝઘડીયાની કચેરીમા રજીસ્ટર્ડ કરાવી આપેલ છે.

ગામનુ નામ	બ્લોક નં.	હે.આરે.ચો.મી
પઠાર,તા.વાલીયા	૨૩૯	૧–૭૦–૦૦
પઠાર,તા.વાલીયા	૨૪૧	૦–૩૬–૦૦

પઠાર,તા.વાલીયા	૨૪૩	૨–૧૦–૦૦
પઠાર,તા.વાલીયા	૨૬૯	૧–૭૮–૦૦
પઠાર,તા.વાલીયા	૨૧૪	૦–૧૮–૦૦
પઠાર,તા.વાલીયા	૨૧૫	૦–૨૦–૦૦

વધુમા વાદીએ તેઓની દાવા અરજીમા જણાવેલ છે કે, ઉપર મુજબ મર્હુમ પ્રતિવાદી નં.૧ તથા પ્રતિવાદી નં.૨ એ લીધેલ લોનની રકમ માટે તેમના તરફથી મર્હુમ કારીયાભાઈ મીઠીયાભાઈ વસાવા તથા રમીલાબેન ચુનીલાલ વસાવા તથા મર્હુમ પ્રતિવાદી નં.૩ જામીન થયેલા અને મર્હુમ પ્રતિવાદી નં.૧ તથા પ્રતિવાદી નં.૨ એ લીધેલ સદર લોનની રકમ વ્યાજ મુદત ખર્ચ સહીત ભરપાઈ કરવાની જવાબદારી સ્વીકારી તે તા. ૦૨/૦૪/૯૧ ના રોજ વાદી બેંકની તે સમયની ચંદેરીયા શાખાને એક ગેરંટીનો એગ્રીમેન્ટ લખી આપેલ તેમજ મર્હુમ પ્રતિવાદી નં.૧ તથા ૨ એ જરૂરી અંડર ટેકીંગ પણ લખી આપેલ છે તથા મર્હુમ પ્રતિવાદી નં.૧ તથા મર્હુમ પ્રતિવાદી નં.૩ તથા ઉપર મુજબના ગેરંટરોએ લખી આપેલ દસ્તાવેજ ઉપર એક શ્રી નારણભાઈ ઉમલાભાઈ વસાવાની હાજરીમા સહી કરેલ હોવા અંગેનો અને તે દસ્તાવેજની વિગતો તેમને સમજાવેલ હોવાનો જરૂરી લેટર પણ તે સાક્ષીએ વાદી બેંકને લખી આપેલ છે તેમજ મરનાર પ્રતિવાદી નં.૧ તથા પ્રતિવાદી નં.૨ એ લીધેલ સદર લોનની રકમ જુન–૧૯૯૧ થી માસિક રૂા. ૫૪૦૦/– ના હપ્તાથી ૬૦ હપ્તામા પુરી કરવાનો જરૂરી ઈન્સ્ટોલમેન્ટ લેટર પણ લખી આપેલ અને મર્હુમ પ્રતિવાદી નં.૧ એ તથા પ્રતિવાદી નં.૨ એ લીધેલ. સદરહુ લોનની રકમ ઉપર ૧૪% મુજબ વ્યાજ તથા બેંકના ધારા ધોરણ મુજબનો તમામ ખર્ચ આપવાને જવાબદારી સ્વીકારેલ અને સદર લોનની રકમ ઉપર મુજબની નિયમિત હપ્તાઓથી ભરપાઈ કરવાને મર્હુમ પ્રતિવાદી નં.૧ તથા ૨ કસુર કરે તો તેવા સંજોગોમાં તથા દંડનીય વ્યાજ આપવાને પણ જવાબદારી સ્વીકારેલ.

વધુમા વાદીએ તેઓની દાવા અરજીમા જણાવેલ છે કે, મર્હુમ પ્રતિવાદી નં.૧ તથા પ્રતિવાદી નં.ર એ લીધેલ લોનની રકમ અંગે તેમણે વાદી બેંક સાથે કરેલ લેવડ દેવડના વ્યાજ મુદલ ખર્ચ સહીત તા. ૧૯/૦૫/૯૮ સુધીમા કુલ રૂા. ૧,૮૧,૦૫૭/– બાકી પડેલ છે તે સમય દરમ્યાન મર્હુમ પ્રતિવાદી નં.૧ તથા ર એ લીધેલ લોનની રકમ મે–૧૯૯૬ સુધીમા ભરપાઈ કરવાની હોવા છતા તેમણે નિયમિત રીતે હપ્તાની રકમ ભરપાઈ કરેલ ન હોવાથી મર્હુમ પ્રતિવાદી નં.૧ તથા પ્રતિવાદી નં.ર એ સદર લોનની રકમમાથી ખરીદ કરેલ ટાટા ટેમ્પો–૮૦૬ નો વાદી બેંકે સીઝ કરેલ અને તે બાદ તેની હરાજી કરતા તેમાથી રૂા. ૧,૫૪,૩૦૦/– ઉપજેલા તે રકમ મરનાર પ્રતિવાદી નં.૧ તથા પ્રતિવાદી નં.ર ના ખાતામા તા. ૧૧/૦૮/૯૭ ના રોજ જમા આપેલ છે અને તે સંજોગોં મા તા. ૧૯/૦૫/૯૮ સુધીમા મરનાર પ્રતિવાદી નં.૧ તથા પ્રતિવાદી નં.ર ના ખાતે સદર લોન પેટે કુલ રૂા. ૧,૮૧,૦૫૭/– બાકી પડેલ છે અને તે બાકી પડી ત્યારથી મરનાર પ્રતિવાદી નં.૧ તથા પ્રતિવાદી નં.ર સાથે થયેલ શરત મુજબ નિયમિત હપ્તાની રકમ ભરપાઈ કરેલ ન હોવાથી તે ૧૫% મુજબ પેનલ વ્યાજની રકમ ગણતા તા. ૦૫/૦૮/૨૦૦૨ સુધીમા વ્યાજ ખર્ચ ગણતા તે કુલ રૂા. ૬,૩૪,૧૧૫/– થાય છે તે મળી દાવાની તારીખ સુધીમા મરનાર પ્રતિવાદી નં.૧ તથા પ્રતિવાદી નંર. પાસે કુલ રૂા. ૮,૧૫,૧૭૨/– વાદી બેંકના બાકી લેણા પડે છે તે રકમ વખતો વખત બાકી પડતા હિસાબે વાદી બેંકને વસુલ આપી દેવાને મરનાર પ્રતિવાદી નં.૧ તથા પ્રતિવાદી નં.ર ને જણાવ્યા છતા તથા સુચના આપવા છતા પ્રતિવાદીઓએ સદર રકમ ભરપાઈ કરેલ નથી. જેથી આ દાવો પ્રતિવાદીઓ પાસે વાદી બેંકની બાકી પડતી કુલ રકમ રૂા. ૮,૧૫,૧૭૨/– મરનાર પ્રતિવાદી નં.૧ તથા પ્રતિવાદી નં.ર એ વાદી બેંકને લખી આપેલ એકરારનામામા જણાવેલ ખેતીની જમીનો જે વાદી બેંકને સદર લોનની રકમ પેટે તારણમા આપેલ તે પરથી પ્રતિવાદી નં.૧/૧ તથા ૧/ર તથા પ્રતિવાદી નં.ર નો ગીરો છોડાવવાનો હકક નષ્ટ(ફોર કલોઝ) કરી તે જપ્ત કરી હરાજ કરાવી રકમ વસુલ

મેળવવાનુ તથા પ્રતિવાદી નં.૧/૧ તથા ૧/૨ તથા પ્રતિવાદી નં.૨ ની જાત મિલકતમાથી તથા બીજી માલ મિલકતથી વસુલ મેળવવાનુ તથા મરનાર પ્રતિવાદી નં.૩ સદર લોનની રકમ માટે જામીન થયેલ હોય તેમના વારસો પ્રતિવાદી નં.૩/૧ થી ૩/૩ ના તે માટે કાયદેસર જવાબદાર થતા હોય પ્રતિવાદી નં.૩/૧ થી ૩/૩ ની જાત માલ મિલકતથી પણ સદર દાવાવાળી કુલ રકમ વસુલ મેળવવાને હુકમનામુ મેળવવા માટે આ દાવો આપવો પડેલ છે.

વધુમા વાદીએ તેઓની દાવા અરજીમા જણાવેલ છે કે, મરનાર પ્રતિવાદી નં.૧ તથા પ્રતિવાદી નં.૨ નાએ બેંકને તા. ૦૨/૦૪/૯૧ ના રોજ જે ડીમાન્ડ પ્રોમીસરી નોટ લખી આપેલ તથા એકરારનામુ વિગેરે દસ્તાવેજો લખી આપેલ તેમજ મરનાર પ્રતિવાદી નં.૧ તથા પ્રતિવાદી નં.૨ તરફથી જામીન થનાર કારીયાભાઈ મીઠીયાભાઈ તથા રમીલાબેન ચુનીલાલે તથા મરનાર પ્રતિવાદી નં.૩ એ જે ગેરંટીનો એગ્રીમેન્ટ તેજ તારીખે લખી આપેલ તે તારીખથી ત્રણ વર્ષની મુદતમા એટલે કે તા. ૨૫/૦૩/૯૪ ના રોજ લીમીટેશન એકટની કલમ–૧૮ મુજબ લેટર ઓફ એકનોલેજમેન્ટ લખી આપી બાકી નાણાનો અંગીકાર કરેલ હોય ત્યારબાદ તે તારીખથી કાયદા મુજબની આ ત્રણ વર્ષની મુદતમા ફરીથી તા. ૧૭/૧૧/૯૬ ના રોજ તે તમામે બાકી નાણાનો અંગીકાર કરી એકનોલેજમેન્ટ લખી આપેલ છે તે બાદ મરનાર પ્રતિવાદી નં.૧ મરણ જતા પ્રતિવાદી નં.૧/૧ તથા ૧/૨ એ વાદી બેંકના બાકી લેણાનો સ્વીકાર કરી મરનાર પ્રતિવાદી નં.૧ ના વારસો તરીકે બાકી લોનની રકમ ભરવાની જવાબદારી કન્ફર્મેશન લખી આપેલ હોય અને તે બાદ મરનાર પ્રતિવાદી નં.૧ એ લખી આપેલ તા. ૧૭/૧૧/૯૬ ની એકનોલેજમેન્ટથી કાયદા મુજબની ત્રણ વર્ષની મુદત દરમ્યાન એટલે કે તા. ૧૪/૦૮/૯૯ ના રોજ સદર લોનની બાકી રકમનો સ્વીકાર કરી એકનોલેજમેન્ટ કાયદા મુજબની ત્રણ વર્ષની મુદતમા લખી આપેલ હોવાથી તથા મરનાર પ્રતિવાદી નં.૩ અભેસિંહ હમીરસિંહ ખેરે પણ તે તા. ૧૪/૦૮/૯૯ ની

એકનોલેજમેન્ટની તારીખથી કાયદા મુજબની ત્રણ વર્ષની મુદતમા આ દાવો આપેલ હોવાથી આ દાવો મુદત દરમ્યાન છે અને મરનાર પ્રતિવાદી નં.૩ હાલમા તા. ૦૨/૦૮/૨૦૦૨ ના અરસામા મરણ ગયેલ હોવાથી અને તેમના કાયદેસરના વારસદારો પ્રતિવાદી નં.૩/૧ થી ૩/૩ ના હોય તે માટે તેઓ જવાબદાર હોવાથી આ દાવો મરનાર પ્રતિવાદી નં.૩ ના વારસો વિરૂધ્ધ આપેલ છે તે કાયદેસર છે. સદર કામના બીજા જામીનદારોએ તા. ૧૪/૦૮/૯૯ ની એકનોલેજમેન્ટ પર સહી કરેલ ન હોવાથી તેની વિરૂધ્ધ આ દાવો મુદતમા આવતો ન હોવાથી તેમની વિરૂધ્ધ આ દાવો આપેલ નથી. આમ, વાદીએ ઉપરોકત હકીકતો જણાવી તેઓની દાવા અરજીના પેરા નં.૧૧ ના મુદા નં. (૧) થી (૬) માં જણાવ્યા મુજબની દાદ મંજૂર કરવા અરજ કરેલ છે.

(૨) આ કામના પ્રતિવાદીઓને દાવા અરજીના સમન્સ/નોટીસની બજવણી થતા પ્રતિવાદીઓએ હાજર થઈ આંક–૧૭ થી વાદીની દાવા અરજીના વિરૂધ્ધમા લેખિત જવાબ રજુ કરી સદર દાવાના જવાબમા સ્વીકાર કર્યા સિવાયની તમામ હકીકતોનો પેરાવાઈઝ ઈન્કાર કરી ખરી હકીકતમા જણાવેલ છે કે, વાદીના દાવા અરજીમા ગામ પઠાર તાલુકા વાલીયાના સર્વે નંબર ૨૬૯ હે.આરે પ્રતિ આરે ૧–૭૮–૦૦ જણાવેલ છે જે ખોટુ છે. ખરી હકીકત ક્ષેત્રફળ હે.આરે.પ્રતિઆરે ૦૧–૬૮–૦૦ છે. વાદીની ચંદેરીયા શાખા બંધ થયેલ તથા વાલીયા શાખા દ્વારા હીસાબોમા ગોટાળો કરેલ છે તથા પ્રતિવાદીઓ ખેડુતો હોય ખેડુતોને દેવા મુકત કરવાની યોજનાનો લાભ આપેલ નથી. બલ્કે તેની વિરૂધ્ધ પ્રતિવાદીઓ સામુ અયોગ્ય લાગવગ, છળકપટથી દાવો લાવવામા આવેલ છે. પ્રતિવાદી પાસેથી સીઝ કરેલ ટેમ્પા નંબર દાવામા જણાવ્યો નથી કે જપ્તી કરી હરાજી કરેલાના દસ્તાવેજો પણ આપેલા નથી. વાદીની હિસાબોની તા. ૧૯/૦૫/૧૯૯૮ મા દર્શાવેલી બાકી રકમ રૂા. ૧,૮૧,૦૫૭/– તથા ત્યારબાદનુ વ્યાજ અને દંડકીય વ્યાજની રકમ ૧૫% ગણતરી કરેલ રૂા. ૬,૩૪,૧૧૫/– મળી કુલ રૂા. ૮,૧૫,૧૭૨/– વાદી બેંકના લેણા પડે છે તે તમામ હકીકતો ખોટી છે તેની

કાર્યવાહી કરી જમીનો છુટી કરવા માટે પ્રતિવાદી નં. ૧ ના વારસદારો પાસેથી કોરા કાગળો પર સહીઓ મેળવીને દાવો મુદતમા લાવવાનો તા. ૧૪/૧૧/૯૯ ના સહીઓનો દસ્તાવેજી પુરાવો ઉભો કરેલ છે તેથી તે કબુલ નથી. ખ રી હકીકતે તમારૂ ખાતુ બંધ કરવાનુ છે ને જમીનો છુટી કરવાની છે. લોન ટેમ્પો ખરીદનારે ભરપાઈ કરેલ છે તેવુ સમજાવી વાલીયાના બ્રાંચ મેનેજર શ્રી પંડયા સાહેબે તા. ××-×-૨૦૦૨ મા સહીઓ લીધેલ છે અને પાછળથી મુદતમા લાવેલ તારીખ નાખી તે દાવો તુરંત દાખલ કરેલ છે તથા તેવો વાદી બેકનો તા. ૨૯/૦૮/૦૨ નો પત્ર લખી જણાવેલ છે. પ્રતિવાદીઓ સામે દાવો મુદતમા ન હોય રદ થવા પાત્ર છે. તેઓ પ્રતિવાદીઓમા વારસદાર શ્રી સોમાભાઈ હિંમતભાઈ વસાવાએ તા. ૦૩/૦૮/૨૦૦૨ ના રોજ ચંદેરીયા શાખાને પત્ર લખીને સાચી હકીકતો જણાવેલ તથા મરનાર પિતાજી પાસેથી લીધેલ લોન તે વખતના શ્રી રાવ સાહેબ, ચંદેરીયા શાખાએ લોનના નાણા ભરપાઈ થઈ જશે તેમ જણાવી ટેમ્પો નં.જીજે.૧૬.ટી.૭૦૦૭ સીઝ કરી તથા તે અંગેના અસલ કાગળો અસલ રજીસ્ટ્રેશન બુક, વીમા કંપનીના કાગળો તથા ટેમ્પાના અન્ય દસ્તાવેજો ગેરવ્યાજબી લાગવગ તથા છળકપટપૂર્વક ટેમ્પાની અપસેટ પ્રાઈઝ ઓછી મુકી પોતાના ઓળખીતા મળતીયાઓને ટેમ્પો વેચીને, ટેમ્પો ખરીદનાર બાકી લોનના હપ્તાઓ તથા લોનની રકમ ભરાવવાની બાહેંધરી આપી ગયેલ હતા. તેઓના મરનાર પિતાજી તથા ત્યારબાદ તેઓએ વાદગ્રસ્ત ટેમ્પો નં. જીજે.૧૬.ટી.૭૦૦૭ નો સીઝ કરી હરાજી કરાવી તે તમામ પ્રક્રિયાના દસ્તાવેજી પુરાવા પત્ર તા. ૦૩/૦૮/૨૦૦૨ નો લખી માંગેલ છે. પરંતુ આજદીન સુધી તેવા દસ્તાવેજી પુરાવા પ્રતિવાદીઓને આપેલ નથી.

વધુમા પ્રતિવાદીઓએ તેમના લેખિત જવાબમા જણાવેલ છે કે, વધુમા તેઓ પ્રતિવાદીઓના ઘરે મરનાર પિતાજી પ્રતિવાદી નં.૧ એ વાદગ્રસ્ત ટેમ્પો હરાજીથી વેચાણ થઈ ગયેલ હોવા છતા અમદાવાદની ત્રાહીત પક્ષકાર જેની હાલમા પણ જાણ નથી તેઓએ મોટર વ્હીકલ એકટની કલમોનો ભંગ કરેલ તેની ગુનાની નોટીસ આપેલ

અને ત્યારબાદ મરનારના નામનો રૂા. ૩૦૦/– ના દંડની રકમ ભરવાની બીજી નોટીસ આપેલ છે. આમ, વાદી બેંક તથા વાદી બેંકના જે તે વખતના જવાબદાર અધિકારીઓએ છળકપટ કરી લાગવગથી ત્રાહીત પક્ષકારને ટેમ્પો આપી કમાણી કરી કરાવી અને રૂપીયા વસુલાત કરવાનો પ્રતિવાદીઓના માથે દાવો કર્યો છે. દાવામા ત્રાહીતને પક્ષકાર બનાવેલા નથી. વાદી બેંકનુ કૃત્ય '' માલ ખાય ભગલો અને માર ખાય જગલો'' તેના જેવુ ગેરવ્યાજબી, ગેરકાનુની કૃત્ય કરી તેની ગંભીર ભુલ તથા છળકપટ કરીને ટેમ્પો સીઝ કરી, હરાજીની કાર્યવાહી છુપાવી, જાણ બહાર ઓછી કિંમતે વેચાવી પ્રતિવાદીઓની પ્રગતી અટકાવી દેવાના ખાડામા પાડવાની સામાજીક ગુન્હો પણ કરેલ છે. આમ, પ્રતિવાદીઓએ ઉપરોકત હકીકતો જણાવી વાદીનો દાવો ખર્ચ સહીત રદ કરવા અરજ કરેલ છે.

(૩) આ દાવાના કામે વાદી તરફે નીચે મુજબના મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓ રજુ કરવામાં આવેલ છે.

–: મૌખિક પુરાવા :–

અ.નં.	આંક	વિગત
૧	૩૫	વાદી યોગેશકુમાર જયશંકર પંડયાની સોગંદ ઉપરની જુબાની

–: દસ્તાવેજી પુરાવા :–

અ.નં.	આંક/નિ	વિગત
૧	૩૬	મરનાર પ્રતિવાદી નં.૧ તથા પ્રતિવાદી નં.ર નાએ વાદીને લખી આપેલ પ્રોમીસરી નોટ અસલ
ર	૩૭	મરનાર પ્રતિવાદી નં.૧ તથા પ્રતિવાદી નં.ર નાએ વાદીને લખી આપેલ લેટર ઓફ હાયપોથીકેશન ઓફ વ્હીકલની અસલ પ્રત
૩	૩૮	મરનાર પ્રતિવાદી નં.૧ તથા પ્રતિવાદી નં.ર નાએ વાદીને લખી આપેલ એકરારનામુ અસલ

૪	૩૯	મરનાર પ્રતિવાદી નં.૩ તથા અન્ય જામીનદારોએ વાદીને લખી આપેલ ગેરંટી એગ્રીમેન્ટ અસલ
૫	૪૦	મરનાર પ્રતિવાદી નં.૧ તથા પ્રતિવાદી નં.૨ નાએ લખી આપેલ અંડર ટેકીંગનો પત્ર અસલ
૬	૪૧	પ્રતિવાદીઓએ લખી આપેલ એટેસ્ટેશનનો પત્ર અસલ
૭	૪૨	પ્રતિવાદીઓએ લખી આપેલ દસ્તાવેજો એક શ્રી નારણભાઈ ઉમલાભાઈ વસાવાની રૂબરૂમા લખી આપેલ તે અંગેનો પત્ર અસલ
૮	૪૩	મરનાર પ્રતિવાદી નં.૧ તથા નં.૨ નાએ લોન એકાઉન્ટ અંગે લખી આપેલ પત્ર અસલ
૯	૪૪	પ્રતિવાદીઓએ લોન અંગેનો વાદીને લખી આપેલ પત્ર અસલ
૧૦	૪૫	પ્રતિવાદીઓએ લખી આપેલ એકનોલેજમેન્ટ અસલ
૧૧	૪૬	પ્રતિવાદીઓએ લખી આપેલ એકનોલેજમેન્ટ અસલ
૧૨	૪૭	પ્રતિવાદીઓએ લખી આપેલ એકનોલેજમેન્ટ અસલ
૧૩	૪૮	બેંક ઓફ બરોડા, ચંદેરીયા શાખાનો સમાવેશ વાલીયા શાખામા કરવામા આવ્યો તે અંગેના ડે.જન. મેનેજરશ્રીના તા. ૧૩/૦૫/૯૮ ના પત્રની એટેસ્ટેડ નકલ
૧૪	૪૯	બેંક ઓફ બરોડા, ચંદેરીયા શાખાનો સમાવેશ વાલીયા શાખામા કરવામા આવ્યો તે અંગેના ડે.જન.મેનેજરશ્રીનો રીજીયોનલ મેનેજરશ્રીને લખેલ પત્રની ઝેરોક્ષ એટેસ્ટેડ કોપી
૧૫	૫૦	બેંક ઓફ બરોડા ચંદેરીયા શાખાનુ વાલીયા શાખામા મર્જર કરવામા આવ્યો તે અંગેનો રીજી. મેને. શ્રીનો ડે.જન. મેનેજરશ્રીએ લખેલ પત્રની ઝેરોક્ષ એટેસ્ટેડ નકલ
૧૬	૫૧	હરાજીમા મુકેલ વાહન સીઝ કરવામા આવેલ તે અંગેના ચાર્જની રકમ રૂા. ૫૩૦૦/– જમા કરાવી તેના વાઉચર
૧૭	૫૨	હરાજીમા મુકેલ વાહનની જે રકમ ઉપજી તે પ્રતિવાદીના ખાતામા જમા આપી તે અંગેના વાઉચરની એટેસ્ટેડ કોપી
૧૮	૫૩	હરાજીમા મુકેલ ટેમ્પો રાખવા શ્રી શાંતીલાલ ભાઈલાલનો આવેલ પત્ર અરજીની એટેસ્ટેડ કોપી

૧૯	૫૪	એજન્સીને વાહન ગોડાઉનમા રાખવાના ભાડાના રૂા. ૫૩૦૦/– ચુકવવાના થતા હતા તેના બિલની એટેસ્ટેડ કોપી
૨૦	૫૫	હરાજીમા મુકેલ વાહન રાખવા માટે શ્રી વિપુલકુમાર વિનુભાઈ પટેલની આવેલ અરજીની એટેસ્ટેડ કોપી
૨૧	૫૬	હરાજીમા મુકેલ વાહન રાખવા માટે શ્રી રાજેશ ભટટની આવેલ અરજીની એટેસ્ટેડ કોપી
૨૨	૫૭	હરાજીમા મુકેલ વાહન રાખવા માટે શ્રી રશ્મીકાંત શંકરલાલની આવેલ અરજીની એટેસ્ટેડ કોપી
૨૩	૫૮	મંગાભાઈને બાકી નીકળતી રકમ ભરવા તથા ટેમ્પો હરાજ કરવા આપેલ નોટીસની સ્થળપ્રતની એટેસ્ટેડ કોપી
૨૪	૫૯	મંગાભાઈને બાકી નીકળતી રકમ ભરવા તથા ટેમ્પો હરાજ કરવા આપેલ નોટીસની રજી.એ.ડી.ની ઝેરોક્ષ કોપી
૨૫	૬૦	હરાજીમા મુકેલ વાહન શ્રી શાંતીલાલ ને વેચાણ આપવા અંગે લખેલ પત્રની ઝેરોક્ષ કોપી

(૫) આ દાવાના કામે પ્રતિવાદી તરફે નીચે મુજબના મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓ રજુ કરવામાં આવેલ છે.

–: મૌખિક પુરાવા :–

અ.નં.	આંક	વિગત
૧	૧૪૨	પ્રતિવાદી તરફે સોમાભાઈ હીંમતભાઈની જુબાની
૨	૧૭૬	સાહેદ સની રમેશભાઈ પંચાલની જુબાની
૩	૧૮૧	સાહેદ પરીક્ષીતકુમાર ગણપતલાલની જુબાની

–: દસ્તાવેજી પુરાવા :–

અ.નં.	આંક/નિ	વિગત
૧	૧૪૭	જી.જે.૧૬.ટી.૭૦૦૭ વીમા પોલીસી સર્ટી. યુનાઈટેડ ઈન્સ્યુ. કંપનીનુ અસલ

૨	૧૪૮	જી.જે.૧૬.ટી.૭૦૦૭ વીમા પોલીસીનુ પ્રિમીયમ ભરેલાની પહોંચ રસીદ યુનાઈટેડ ઈન્ડીયા ઈન્સુ. કં.લી પોલીસી ૨૧/૩૧ /૭૦૦૪૩/૯૧ તા. ૦૩/૦૪/૯૧ થી તા. ૦૨/૦૪/૯૨ સુધી રકમ ભરેલાની પહોંચ નં. ૩૪૦૯૯ અસલ
૩	૧૪૯	જી.જે.૧૬.ટી.૭૦૦૭ ની આર.ટી.ઓની ટેક્ષ ભરેલાની રસદ નં. ૧૯૪૬૯૬
૪	૧૫૦	જી.જે.૧૬.ટી.૭૦૦૭ ની આર.ટી.ઓ પીયુસી ફી ભરેલાની પહોચ નં. એલ નં. ૧૯૪૮૯૨ અસલ
૫	૧૫૧	જી.જે.૧૬.ટી.૭૦૦૭ ની આર.ટી.ઓ ફી ભરેલાની રસીદ નં. ૧૩૭૦૦૬ ની અસલ
૬	૧૫૨	જી.જે.૧૬.ટી.૭૦૦૭ નુ આર.ટી.ઓ પાર્સીગ સર્ટી. ફોર્મ નં. ૩૮ અસલ
૭	૧૫૩	જી.જે.૧૬.ટી.૭૦૦૭ નુ વાહન જંગલ ખાતામા કબજે કરેલ રેંજ ફોરેસ્ટ ઓફીસર ફુલસરના એ જપ્ત કરેલ તેનો પત્ર અસલ
૮	૧૫૪	જી.જે.૧૬.ટી.૭૦૦૭ નુ વીમા કંપની ધી ન્યુ ઈન્ડીયા ઈન્સ્યુ. કંપની લી. વિમા પ્રિમીયમ ભરેલ તેની રસીદ નં. ૧૯૫૦૫૦ ની અસલ
૯	૧૫૫	બેંક ઓફ બરોડા ચંદેરીયા શાખામા હપ્તાની રકમ રૂા. ૪૦૦૦/– ભરેલાની રસીદ નં. ૯૯૩૬૮
૧૦	૧૫૬	બેંક ઓફ બરોડા ચંદેરીયા શાખામા હપ્તાની રકમ રૂા. ૫૯૫૦/– ભરેલાની પહોંચ
૧૧	૧૫૭	બેંક ઓફ બરોડા ચંદેરીયા શાખામા રૂા. ૫૯૫૦/– હપ્તાની રકમ ભરેલાની પહોંચ
૧૨	૧૫૮	બેંક ઓફ બરોડા ચંદેરીયા શાખામા રૂા. ૫૦૦૦/– હપ્તાની રકમ ભરેલાની પહોંચ
૧૩	૧૫૯	જીજે.૧૬.ટી.૭૦૦૭ નો પોલીસ કમીશ્નરશ્રી ટ્રાફીર શાખાનો મેમો નં.૪
૧૪	૧૬૦	જીજે.૧૬.ટી.૭૦૦૭ નો પ્રોસીકયુશન સેલ ટ્રાફીર શાખા અમદાવાદ શહેર નોટીસ નં. ૧૧૮૨/૦૧

૧૫	૧૬૧	બેંક ઓફ બરોડા ચંદેરીયા શાખાને જીજે.૧૬.ટી.૭૦૦૭ ના વાહનને રેંજ ફોરેસ્ટ ઓફીસર ફુલસર મુકામે અટક કરેલ તેની લેખિત જાણ કરેલ તેની સ્થળપ્રત અસલ
૧૬	૧૬૨	પ્રાદેશીક વાહન વ્યવહાર અધિકારીશ્રી ભરૂચ પાસેથી માહીતી જી.જે.૧૬.ટી.૭૦૦૭ લગત માંગવામા આવેલ તેની ઉપલબ્ધ માહીતી આ.ટી.ઓ સાહેબની કચેરી ભરૂચથી પ્રતિવાદીને મોકલેલ રજી.એડી.પત્રથી મોકલેલ તે પત્ર અસલ
૧૭	૧૬૩	પોલીસ કમીશ્નર સાહેબની કચેરી ટ્રાફીર શાખા, અમદાવાદથી મોટર વ્હીલક ૨૪/૦૮/૨૦૦૩ એકટના ગુના અંગે મેમે નં. ૫૯/૨૦૦૦ ના કામે નામદાર કોર્ટમા હાજર રહેવાનો પત્ર અસલ
૧૮	૧૬૪	પ્રાદેશીક વાહન વ્યવહાર અધિકારી સાહેબ અમદાવાદની આર.ટી.ઓ કચેરી તા. ૦૯/૦૪/૧૪ અમદાવાદ તરફથી જીજે.૧૬.ટી.૭૦૦૭ અંગેની ઉપલબ્ધ માહીતીની વિગત અંગેનો અસલ પત્ર
૧૯	૧૬૫	બેંક ઓફ બરોડા વાલીયા શાખાએ તા. ૦૩/૦૮/૨૦૦૨ ની અરજી કહેવા તા. ૧૭/૦૮/૨૦૦૨ અનુસંધાને યોગ્ય કાર્યવાહી કરવાની બાહેંધરી આપેલ છે તે
૨૦	૧૬૬	બેંક ઓફ બરોડા રીજીયોનલ મેનેજરશ્રી ભરૂચ તરફથી તા. ૨૯/૦૮/૨૦૦૨ નો પત્ર અસલ
૨૧	૧૭૮	પ્રાદેશીક વાહન વ્યવહાર અધિકારી ભરૂચ તરફથી આપવામા આવેલ પ્રમાણપત્ર
૨૨	૧૭૯	ભરૂચ આર.ટી.ઓ કચેરી તરફથી હાઈપોથીકેશન કેન્સલ અંગેની વિગત અંગેની સહી સિકકાવાળી અસલ પ્રત
૨૩	૧૮૦	ભરૂચ આર.ટી.ઓ કચેરીમા ટેક્ષ ભરેલાની વિગત દર્શાવતુ સ્ટેટમેન્ટની સહી સિકકાવાળી નકલ અસલ
૨૪	૧૮૨	પ્રાદેશીક વાહન વ્યહાર અધિકારીની કચેરી અમદાવાદ તરફથી આ દાવાના કામે વિગત રજુ કરવા અંગેનો ફોરવર્ડીંગ લેટર અસલ
૨૫	૧૮૩	પ્રાદેશીક વાહન વ્યવહાર કચેરી અમદાવાદનુ વાહન રજીસ્ટ્રેશન ઓનલાઈન રેકર્ડ વિગતનુ સીકકા સહીતનુ સ્ટેટમેન્ટ અસલ

(૬) હાલના કામે વાદી તરફે આંક–૯૦ થી તથા પ્રતિવાદીઓ તરફે આંક–૧૮૫ થી કલોઝીંગ પુરસીસ રજુ કરી પુરાવો પુરો થયાનુ જાહેર કર્યા બાદ રેકર્ડ કરવામા આવેલ છે.

(૭) સદરહુ દાવા અરજીનો નિર્ણય કરવા માટે **આંક–૩૨** થી આ કામે મુદ્દાઓ ઘડવામા આવેલ છે જે નીચે મુજબ છે:–

–:<u>મુદ્દાઓ :–</u>

મુદ્દા નં.૧ :–	**Whether the plaintiff proves that,the defendant no 1,2 had taken Term loan of Rs 2,31,000/- from the plaintiff on dt. 02/04/1991 & they had executed the documents in favour of the bank as alleged?**
મુદ્દા નં.૨ :–	**Whether the plaintiff is entitled to recover outstandintg due amount of Rs. 8,15,172/- jointly & Severally from persons & properties of the defendants?**
મુદ્દા નં.૩ :–	**Whether the plaintiff is entitled to recover interest? If yes at what rate?**
મુદ્દા નં.૪ :–	**Whether the plaintiff proves that, the suit filed is within Limitation?**
મુદ્દા નં.૫ :–	**Whether the defendants prove that, the suit is barred by non joinder and mis joinder of necessary parties?**
મુદ્દા નં.૬ :–	**Whether the defendants prove that the Branch Manager had taken signature on Blank papers from the heirs of decd. defendants No.1 & 2 by misguiding to release their lands & immediatelly filed the present suit against the defendants?**
મુદ્દા નં.૭ :–	**Whether the plaintiff is entitled to get relief as prayed for?**

મુદ્દા નં.૮ :–	What order & decree?

(૮) ઉપરોકત મુદ્દાઓ અંગેના મારા જવાબ નીચે મુજબ છે :

(૧) અંશત: હકારમાં

(૨) નકારમાં

(૩) નકારમાં

(૪) નકારમાં

(૫) ચર્ચા મુજબ

(૬) ચર્ચા મુજબ

(૭) નકારમાં

(૮) આખરી હુકમ મુજબ.

વાદી અને પ્રતિવાદીના દાવાની હકીકત અને દસ્તાવેજોનુ વિગતવારનુ વર્ણન નીચે મુજબ કરવામા આવેલ છે:–

(૯) આ કામે વાદીએ પોતાનો કેસ પુરવાર કરવા માટે આંક–૩૫ થી વાદી યોગેશકુમાર જયશંકર પંડયાની સરતપાસની જુબાની થયેલ છે. જેમાં તેઓએ દાવા અરજીની હકીકતને સમર્થનરૂપ પુરાવો રજુ કરેલ છે. ત્યારબાદ વાદીની પ્રતિવાદી તરફે વિ.વ.શ્રી પી.આર.પરમાર નાઓએ ઉલટતપાસ કરેલ છે. જેમા તેઓએ જણાવેલ છે કે, હાલમા હુ બેંક ઓફ બરોડામા સીનીયર મેનેજર તરીકે વડોદરા મુકામે ફરજ બજાવુ છુ. બરોડા પહેલા હુ તીલકવાડા મુકામે ફરજ બજાવતો હતો. મે તીલકવાડા મુકામે ફેબ્રુઆરી–૨૦૧૦ થી ફેબ્રુઆરી–૨૦૧૩ સુધી ફરજ બજાવેલ છે. તીલકવાડા પહેલા હુ સુરત મુકામે બેંક ઓફ બરોડામા ફરજ બજાવતો હતો. હાલનો દાવો કર્યો ત્યારે હુ વાલીયા મુકામે બેંક ઓફ બરોડામા સને ૨૦૦૨ ની સાલમા આશરે ૨૦૦૪ સુધી ફરજ બજાવતો

હતો અને વાલીયા પહેલા હુ રાજપારડી મુકામે ફરજ બજાવતો હતો. એ વાત ખરી છે કે, સ્વ. હિંમતાભાઈ રામસીંગભાઈ વસાવા એ ચંદેરીયા તા. વાલીયા શાખામાથી લોન લીધી હતી. એ વાત ખરી છે કે, સ્વ. હિંમતાભાઈએ મે જે જે જગ્યાએ ફરજ બજાવેલ ત્યાથી કોઈ લોન લીધેલ નથી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, ચંદેરીયા શાખા અને ૧૯૯૮ મા વાલીયા શાખામા મર્જ થયેલ. હવે હુ કહુ છુ કે, ચંદેરીયા શાખા વાલીયા બેંક ઓફ બરોડામા મર્જ થયેલ હોય જે તે સમયે હુ વાલીયામા ફરજ બજાવતો હતો. એ વાત ખરી છે કે, હિંમતાભાઈ વસાવાએ અમારી શાખામાથી લોન લીધી તે લોન મારા સમયમા લીધી નથી. એ વાત ખરી છે કે, પ્રતિવાદીઓ આદીવાસી જાતીના અભણ અને ગામડાના ઈસમો છે. એ હુ કહી શકુ નહી કે ગુજરનાર હિંમતાભાઈ માંડ માંડ ગુજરાતીમા સહી કરતા હતા. સવાલ: ગુજરનાર હિંમતાભાઈ વસાવાને કઈ તારીખે લોન આપવામા આવી હતી?. જવાબ: તા. ૦૨/૦૪/૯૧. સામાન્ય રીતે લોનના પેપર્સ બેંકોમા હિન્દી અને અંગ્રેજી ભાષામા હોય છે. સાહેદ જણાવે છે કે, કોઈ કોઈ બેંકમા ગુજરાતીમા પણ હોય છે. એ વાત ખરી છે કે, આંક-૩૭ વાહન હાઈપોથીકેશન નો પત્ર તથા આંક-૩૬ ડી.પી.નોટમા પ્રતિવાદી હિંમત રામસીંગની સહી છે. એ વાત ખરી છે કે, આંક-૩૬ તથા ૩૭ માં અંગ્રેજીમા ફોર્મ ભરેલા છે અને તેની નીચે પ્રતિવાદી હિંમડા રામસીંગ અને મંગા હિંમડાની સહી છે. એ વાત ખરી છે કે, કોઈપણ ગ્રાહકને લોન મેળવવી હોય તો બેંક બોરોઅર પાસેથી તેની મીલકતનો એકરાર, કરાવતી હોય છે. એ વાત ખરી છે કે, જો ગ્રાહક લીધેલ રકમ ભરપાઈ કરવામા નિષ્ફળ જાય તો તેને આપેલ લોન પેટે આપેલ વાહન હોય તો તે કબજે કરવામા આવે છે. એ વાત ખરી છે કે, આ વાહનની જે કિંમત વસુલેલી હોય તે કિંમત જે તે ગ્રાહકના ખાતામા જમા થાય છે. પ્રતિવાદી હિંમડા રામસીંગ તથા મંગાભાઈ નાઓને ૬૦ મહીના પેટે ટેમ્પા માટે લોન આપી હતી. એ વાત ખરી છે કે, પ્રતિવાદીઓએ તા. ૧૯/૦૫/૯૭ ના રોજ છેલ્લા રૂા. ૬૫૦/- બાય એમ.ટી તરીકે જમા થયેલા છે.

એ હુ કહી શકુ નહી કે પ્રતિવાદીનો ટેમ્પો વન અધિકારીએ સને ૧૯૯૩ માં કબજે કરેલ હોય લોનના હપ્તા અને ૧૯૯૩–૯૪ મા ભરાયેલા નથી. એ વાત ખરી છે કે, પ્રતિવાદીએ ટેમ્પા લોનનો હપ્તો બંધ કરેલ. જેથી વાદી બેંકે તા. ૧૧/૦૧/૯૪ પહેલા નોટીસ આપેલ છે. એ વાત ખરી નથી કે, તા. ૧૧/૦૧/૯૪ ના રોજ રૂા. ૨૦૦/– પ્રતિવાદીના ખાતામા લીગલ નોટીસ આપવાના ઉધાર્યા છે પરંતુ તેની નોટીસ આ કામે રજુ કરેલ નથી. પ્રતિવાદી વ્હીકલ લોનના નાણા ન ભરતા ફરી કયારે નોટીસ આપી તે રેકર્ડ જોઈને કહી શકુ. એ વાત ખરી છે કે, જે કોઈ બેંક મારફતે વ્યવહાર થયો હોય કે નોટીસ આપી હોય તો તેની ઓફીસ કોપી બેંકમા રાખવામા આવે છે. એ વાત ખરી છે કે, અમોએ આ દાવામા ટેમ્પો જપ્ત કર્યા પહેલાની નોટીસ રજુ કરી નથી. સવાલ: તમોએ પ્રતિવાદીનો ટેમ્પો જપ્ત કર્યા તે પહેલા નોટીસ આપેલ તે નોટીસ રજુ કરવા ખુશ છો?. જવાબ: સદર દાવો ઘણો જુનો હોય પેપર્સ મળવા હાલ શકયતા જણાતી નથી. મળી આવશે તો હુ રજુ કરવા ખુશી છુ. એ વાત ખરી છે કે, લોન લેનાર ગ્રાહકની વ્યકિતગત ફાઈલો બેંકમા રાખવામા આવે છે અને તેના તમામ પેપર્સ તેમા હોય છે. એ વાત ખરી છે કે, લોનના હપ્તા ડયુ થયા હોય અને ગ્રાહકે ભર્યા ન હોય તો તે અંગેની નોટીસો પણ આ કામે રજુ થયેલ નથી. પ્રતિવાદીનો ટેમ્પો અને ૧૯૯૭ ની સાલમા જુલાઈ માસમા જપ્ત કરેલ. એ વાત ખરી છે કે, કોના ધ્વારા પ્રતિવાદીનો ટેમ્પો શીઝ કરેલ અને કઈ તારીખે શીઝ કરેલ તે હુ ચોકકસ કહી શકુ નહી. જે કોઈ વાહન જપ્ત કરવામા આવ્યુ હોય તેને રાખવા માટે ગોડાઉન હોય છે. એ વાત ખરી છે કે, વાહન જપ્ત થયા બાદ જે તે ગ્રાહકને પોતાનુ વાહન છોડાવવા માટે નોટીસ આપવામા આવે છે અને પૈસા ભરવા માટે જણાવવામા આવે છે. આ કામના પ્રતિવાદીને તા. ૦૭/૦૭/૧૯૯૭ ના રોજ વાહન જપ્ત થયા બાદ નોટીસ આપેલ. આ નોટીસ મંગાભાઈ હિંમતભાઈ વસાવાને આપેલ. એ વાત ખરી છે કે, આ નોટીસ હિંમતભાઈ રામસીંગ ભાઈ વસાવાને આપેલ નથી. એ હુ કહી શકુ નહી કે પ્રતિવાદીનુ વાહન જપ્ત કર્યુ ત્યારે બેંક ચંદેરીયાના મેનેજર '' રાવ સાહેબ '' એ એવુ

જણાવેલ કે નાણા વાહન લોનના ભરપાઈ થઈ જશે અને ૭/૧૨ ની નકલમા જે બોજો પડેલો છે તે રદ કરવામા આવશે. સામાન્ય રીતે એ વાત ખરી છે કે, જે તે ગ્રાહકોના લોન ભરતા ન હોય, તેઓના વાહનો જપ્ત કરવામા આવે છે. જે તે ગ્રાહકોને લોન ભરવાની તક આપ્યા બાદ જાહેર નોટીસ દૈનિક પેપરમા જે તે વાહનની અનેક્ષ કિંમત, વાહન માલીકનુ નામ, વાહનનો પ્રકાર નંબર વિગેરે જણાવવામા આવે છે અને જાહેર હરાજીની તારીખ અને સ્થળ નકકી કરેલ હોય છે. એ હુ કહી શકુ નહી કે, પ્રતિવાદીના વાહન બાબતે જાહેર હરાજીની પ્રક્રિયા કરેલ કે કેમ. એ વાત ખરી છે કે, જાહેર હરાજી તેમજ જાહેર નોટીસના પેપર્સ આ કામે નથી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, ટેન્ડર રજુ કરેલા છે. એ વાત ખરી છે કે, જે તે વાહન જપ્ત કર્યુ હોય તેને જાહેર હરાજીમા મુકતા પહેલા વાહનના રજીસ્ટર વેલ્યુઅર પાસે તેની કિંમત નકકી કરવામા આવે છે. આ કામમા મે વેલ્યુએશન રીપોર્ટ રજુ કરેલ નથી. પ્રતિવાદીને વ્હીકલ લોન પેટે આપેલ લોનના બાકી હપ્તા માટે અમે ૧૯૯૪ થી નોટીસો આપેલ. એ વાત ખરી છે કે, પ્રતિવાદીને ૧૯૯૭ મા નોટીસ આપેલ છે. એ વાત ખરી છે કે, પ્રતિવાદીને નોટીસ આપી ત્યાર પછી વ્યાજ સુધીની સહીઓ આવેલ હતી. એ હુ કહી શકુ નહી કે, મારા સમય દરમ્યાન પ્રતિવાદીએ '' વનટાઈમ શેટલમેન્ટ'' સ્કીમ બાબતે ઘણી અરજીઓ આપેલ. એ હુ કહી શકુ નહી કે, જે વ્યકિતએ ટેમ્પો બેંકમાથી મેળવ્યો હોય તે ટેમ્પો તેના નામે કેટલા સમય સુધીમા થાય. સાહેદ જણાવે છે કે, આર.ટી.ઓ ના નિયમ મુજબ થાય. વ્હીકલ હરાજી થયા બાદ અને ૨૦૦૩ સુધી પ્રતિવાદીના નામે આર.ટી.ઓ મા નામ ચાલે છે તે હુ ચોકકસ કહી શકુ નહી. એ વાત ખરી છે કે, ટેમ્પાની હરાજી ૧૯૯૭ માં થયા બાદ સને ૨૦૦૨ મા હાલનો દાવો દાખલ થયો છે. એ વાતની મને ખબર નથી કે, ટેમ્પોની હરાજી થયા બાદ પ્રતિવાદીએ આર.ટી.આઈ નીચે ઘણી માહિતી માંગી છે તેમ છતા બેંકે તેની માહિતી પ્રતિવાદીને આપી નથી. એ વાત ખરી છે કે, આંક-૨૪ ની નોટીસ આર.પી.એડી થી બજેલાની એકનોલેજમેન્ટ સ્લીપ છે. ત. ૩૦/૦૭/૯૭ ના રોજ બજેલ છે. એ વાત ખરી

છે કે, તા. ૧૯/૦૫/૯૮ ના રોજ પ્રતિવાદીના લેજરના ઉતારા મુજબ રૂા. ૧,૮૧,૦૫૭/– બાકી પડે છે. એ વાત ખરી છે કે, સને ૧૯૯૪ મા પ્રતિવાદી ટેમ્પાના હપ્તા ભરતા ન હતા. ત્યારથી '' ચંદેરીયા શાખાની બેંક વાલીયા શાખામા મર્જ થઈ અને ૧૯૯૮ મા થઈ. આમ, સને ૧૯૯૪ થી ૧૯૯૮ સુધીમા પ્રતિવાદીએ લોનના હપ્તા ભરવા બાબતે કોઈ પ્રોસીડીંગ કે દસ્તાવેજી પુરાવા આ કામે રજુ કરેલ નથી. એ વાત ખરી છે કે, સને ૧૯૯૮ મા પ્રતિવાદીને નોટીસ આપ્યા બાદ હાલનો દાવો દાખલ કર્યો છે.

(૧૦) ત્યારબાદ સદર કામે આંક–૧૪૨ થી પ્રતિવાદી સોમાભાઈ હિંમતભાઈની સરતપાસની જુબાની રજુ થયેલ છે જેમા તેઓએ આંક–૧૭ થી રજુ લેખિત જવાબમા જણાવ્યા મુજબની હકીકતોને સમર્થન આપેલ છે. ત્યારબાદ પ્રતિવાદીની વાદીના વિ.વ.શ્રી ઘ્વારા ઉલટતપાસ કરવામા આવેલ છે જેમા તેઓએ જણાવેલ છે કે, આ કામના પ્રતિવાદી મરનાર હિંમ્મતભાઈ રામસીંગભાઈ મારા પિતા થાય છે. મારા પિતા ખેતી કામ કરતા હતા. પ્રતિવાદી નં.ર મંગાભાઈ હિમ્મતભાઈ એ મારા નાના ભાઈ થાય છે. તેઓએ વાદી બેંકમાથી ટેમ્પોની લોન લીધેલ તે બાબતે કોઈ તકરાર નથી. તેઓએ રૂા. ર,૩૧,૦૦૦/– ની લોન લીધેલ. એ વાત ખરી છે કે, લોન લેતી વખતે તેઓઅ જરૂરી દસ્તાવેજો ઉપર સહી કરી આપેલ. ત્યારબાદ વાદી બેંકે તેઓને લોન આપેલ. તે અંગે જરૂરી જામીન પણ આપેલા. એ વાતની મને ખબર નથી કે, જામીન તરીકે અભેસિંહ હમીરસિંહ ખેર રહેલા. નારણભાઈ ઉમલાભાઈ વસાવા ચંદેરીયા હોય તો તેમને હુ ઓળખતો નથી. એ વાતની મને ખબર નથી કે, તેઓની હાજરીમા દસ્તાવેજો ઉપર સહી/અંગુઠા કરવામા આવેલા. આંક–૪ર ના પત્ર અંગે મને કોઈ માહિતી નથી. એ વાત સાચી છે કે, આંક–૧૫૫ થી ૧૫૮ ની પૈસા ભર્યા અંગેની મે જે રસીદો રજુ કરી છે તે તમામ પૈસા બેંકે રજુ કરેલ સ્ટેટમેન્ટમા અને દાવા અરજીમા જમા લીધેલ છે. મારા પિતા ગુજરી ગયા ત્યાર પછી હુ બેંકમા ગયેલો. એ વાત સાચી છે કે, મારા પિતા જીવતા હતા ત્યા સુધી બેંક સાથેનો વ્યવહાર મારા પિતા કરતા હતા. મારા ભાઈ

મંગાભાઈ સાથે મારે સંબંધો સારા હતા અને અત્યારે પણ સારા છે. મારા ભાઈ મંગાભાઈ બી.એસ.સી બી.એડ સુધી ભણેલ છે. ચંદેરીયા અને અમારા રહેવાનુ સ્થળ મોદલીયા વચ્ચેનુ અંતર આશરે ૩ થી ૪ કિલોમીટર જેટલુ છે. એ વાત સાચી છે કે, મારા પિતા અને ભાઈના લોન એકાઉન્ટમા મુદત વીતી રકમ બાકી પડતી હતી, પણ કેટલી બાકી પડતી હતી તેને મને ખબર નથી. એ વાત સાચી છે કે, પ્રતિવાદી નં.ર એ બેંક સાથે કોઈ પત્ર વ્યવહાર કરેલ નહી. પ્રતિવાદી નં.ર એ મને કુલમુખત્યારનામુ આપેલ છે પરંતુ તેઓએ મને લોન અંગેના વ્યવહારની કોઈ માહિતી આપેલ નહી. એ વાત સાચી છે કે, અમે આ દાવાના બચાવમા લેખિત જવાબ આપ્યા સિવાય વાદી બેંક સામે કાયદેસરની કોઈ કાર્યવાહી કરેલ નથી.

(૧૧) ત્યારબાદ આંક-૧૭૬ થી પ્રતિવાદી તરફે સાહેદ સની રમેશભાઈ પંચાલ ની સરતપાસની જુબાની લેવામા આવેલ છે જેમા તેઓએ જણાવેલ છે કે, હુ આર.ટી.ઓ કચેરી ભરૂચ ખાતે છેલ્લા પ વર્ષથી ફરજ બજાવુ છુ. આર.ટી.ઓ કચેરીમા વાહન તથા લાયસન્સ તમામ પ્રકારની કામગીરી કરવાની આવે છે. મારી કચેરીમા વાહન રજીસ્ટ્રેશન અને ટ્રાન્સફરનુ કામ થાય છે. આજરોજ હુ નામ. કોર્ટમા સાહેદ સમન્સ રીસીવ થતા હાજર થયેલ છુ અને જેમા વાહન નં. જીજે.૧૬.ટી.૭૦૦૭ ની અમારી કચેરી લગત પુરાવા સાથે હાજર રહેવાનુ જણાવતા આજરોજ હુ આંક-૧૭૮ થી આ પ્રમાણપત્ર લાવેલ છુ જે અસલ છે. જેમા અમારા એ. આર.ટી.ઓ સાહેબ એમ.એન.ભંગાલેની સહી છે. હાલનુ વાહન આર.ટી.ઓ મા રજીસ્ટ્રેશન થયેલ અને પ્રમાણપત્ર મુજબની તારીખે લોન કેન્સલ થયેલી અને વાહન માલિક અથવા તેમના તરફેણમા અમદાવાદની એન.ઓ.સી લઈ ગયેલ અને ત્યારબાદ આગળની માહિતી મારે જોડે નથી. પરંતુ અમે ઓનલાઈન તપાસ કરતા હાલની ટ્રક પંચ મહાલ ગોધરામા ૯ મા માલિક તરીકે નોધાયેલાની ખબર પડી છે જેનુ હાલના માલિકનુ નામ ગેરી તસ્લીમ અહેમદ છે. આર.સી.બુક વાહન માલિકો પાસે હોય છે લોન ચાલતી હોય તો તેમની નોધ

આર.સી.બુકમા કરેલ હોય છે અને લોન કેન્સલ કરેલ હોય તો સ્માર્ટ કાર્ડમા હાઈપોથીકેશનના કોલમમાથી નામ લોન આપનાર કંપનીનુ નીકળી જાય છે.

ત્યારબાદ સદર સાહેદની વાદીના વિ.વ.શ્રી દ્વારા ઉલટતપાસ કરવામા આવેલ છે જેમા તેઓએ જણાવેલ છે કે, એ વાત ખરી છે કે, એન.ઓ.સી ઈસ્યુ થયા પછી ભરૂચ આર.ટી.ઓમા હાલ વાહન બાબતે કોઈ કાર્યવાહી કરવામા આવેલ નથી. સવાલ: એન.ઓ.સી કયારે ઈસ્યુ કરવામા આવે છે?. જવાબ: વાહન ઉપર સરકારી કોઈ લેણુ બાકી નથી તે બાબતની ખાત્રી કર્યા બાદ એન.ઓ.સી આપવામા આવે છે. એ વાત ખરી છે કે, વાહન ટ્રાન્સફર કરવા માટે ફોર્મ નં. ૨૯ અને ૩૦ (ટી.ટી.ઓ ફોર્મ) રજુ કરવુ પડે. એ વાત ખરી છે કે, ટ્રાન્સફર અંગે અમદાવાદ કચેરીમા શુ કાર્યવાહી થઈ તેની મને ખબર નથી.

(૧૨) ત્યારબાદ આંક–૧૮૧ થી પ્રતિવાદી તરફે સાહેદ પરીક્ષીતકુમાર ગણપતલાલની સરતપાસની જુબાની લેવામા આવેલ છે જેમા તેઓએ જણાવેલ છે કે,હુ આર.ટી.ઓ કચેરી અમદાવાદ ખાતે છેલ્લા ૫ વર્ષથી ફરજ બજાવુ છુ. આર.ટી.ઓ કચેરીમા વાહન તથા લાયસન્સ તમામ પ્રકારની કામગીરી કરવામા આવે છે. મારી કચેરીમા વાહન રજીસ્ટ્રેશન અને ટ્રાન્સફરનુ કામ થાય છે. આજરોજ હુ નામદાર કોર્ટમા સાહેદ સમન્સ રીસીવ થતા હાજર થયેલ છુ અને જેમા વાહન નંબર જીજે.૧૬.ટી.૭૦૦૭ ની અમારી કચેરી લગત પુરાવા સાથે હાજર રહેવાનુ જણાવતા આજરોજ હુ આંક–૧૮૩ થી આ પ્રમાણપત્ર લાવેલ છુ. જે અસલ છે. જેમા અમારા એ.આર.ટી.ઓ સાહેબ નીરવ બક્ષની સહી છે. જે સહી હુ ઓળખુ છુ. હાલનુ વાહન ભરૂચ આર.ટી.ઓ મા રજીસ્ટ્રેશન થયેલ અને હાલમા પંચ મહાલ ગોધરામા નોધાયેલ છે. પરંતુ અમદાવાદ આર.ટી.ઓ મા આ વાહન બાબતના રેકર્ડ અમારી પાસે ઉપલબ્ધ નથી.

મુદા નં.૧:–

ઉપરોકત મુદો પુરવાર કરવા વાદીની દાવા અરજીના પેરા–૩ મા જણાવ્યા પ્રમાણે પ્રતિવાદી નં.૧ હીંમતાભાઈ રામસંગ વસાવા તથા પ્રતિવાદી નં.ર નાઓએ ટેમ્પો ખરીદવા માટે ટર્મ લોન રાંદેરીયા શાખામાથી મેળવવા અરજી કરતા તા. ૦ર/૦૪/૯૧ ના રોજ રૂા. ર,૩૧,૦૦૦/– ટર્મ લોન તરીકે ધીરેલા અને જેથી પ્રતિવાદી નં.૧ અને ર એ તા. ૦ર/૦૪/૯૧ ના રોજ ડીમાન્ડ પ્રોમીસરી નોટ રૂા. ર,૩૧,૦૦૦/– ની લખી આપેલ તેમજ ધારા ધોરણ મુજબના ખર્ચ સહીત ૧૪% વ્યાજ ભરવાની જવાબદારી પણ સ્વીકારેલ અને બેન્કના લાભમા લેટર ઓફ હાઈપોથીકેશન ઓફ વ્હીકલનો એગ્રીમેન્ટ કરી ખરીદવામા આવેલ ટાટ–૬૦૮ ટેમ્પો સદરહુ લોનની રકમ પેટે તારણમા આપેલ તેમજ પ્રતિવાદી નં.૧,ર ની ખેતીની જમીનો મોજે પઠાર તા. વાલીયા,જી. ભરૂચની બ્લોક નં. ર૩૯, ર૪૧, ર૪૩, ર૬૯, ર૧૪ અને ર૧પ ની આપેલ તેમજ પ્રતિવાદી નં.૧,ર નાઓ લીધેલ લોનની રકમ માટે મરનાર કારીયાભાઈ મીઠીયાભાઈ વસાવા તથા રમીલાબેન ચુનીલાલ વસાવા તથા મરનાર પ્રતિવાદી નં.૩ અભેસીંહ હમીરસિંહ ખેર જામીન થયેલા. ઉપરોકત સમગ્ર બાબત વાદી તરફેના સાહેદ નં.૧ યોગેશકુમાર જયશંકર પંડયાએ તેઓના આંક–૩પ ના એફીડેવીટ આપેલ પુરાવાથી તથા આંક–૩૬ થી આંક–૪૦ સુધીના દસ્તાવેજી પુરાવાઓ પુરવાર કરી સમર્થન આપી પુરવાર કરેલ છે કે, વાદી બેન્કમાથી પ્રતિવાદી નં.૧ અને ર નાઓ દાવાવાળી લોન રૂા. ર,૩૧,૦૦૦/– જરૂરી શરતોને આધીને લીધેલ.

(૧૩) ઉપરોકત વાદી તરફેની હકીકતને પ્રતિવાદીઓ તરફે જવાબ આંક–૧૭ મા માત્ર લોન લીધાની હકીકત કબુલ રાખેલ છે. તેમજ પ્રતિવાદી તરફેના સાહેદ સોમાભાઈ હિંમતભાઈ વસાવા તેઓના આંક–૧૪ર ના એફીડેવીટથી આપેલ પુરાવાની તેઓની વાદી તરફેના એડવોકેટશ્રી ઉલટતપાસમા સ્પષ્ટપણે કબુલ રાખેલ છે કે, વાદી

બેન્કમાથી ટેમ્પોની લોન રૂા. ૨,૩૧,૦૦૦/– ની લીધેલ તથા તે વખતે જરૂરી દસ્તાવેજો પર સહી કરી આપેલ તથા જામીન પણ આપેલા તેવી સ્પષ્ટ કબુલાત કરે છે.

આમ, વાદી તથા પ્રતિવાદી તરફે ના રજુ પુરાવાઓ તથા પ્રતિવાદી તરફેની કબુલ રાખેલ બાબતોથી વાદી તરફે પ્રતિવાદીઓએ રૂા. ૨,૩૧,૦૦૦/– ની લોન લીધેલાની તથા જે તે વખતે કરી આપેલ માત્ર દસ્તાવેજો કરી આપેલાની હકીકત માત્ર પુરવાર થતી હોવાના તારણ પર આવી મુદા નં.૧ નો નિર્ણય અંશત: હકારમા આપુ છુ.

(૧૪) મુદા નં. ૨ થી ૭ એકબીજા સાથે સંકળાયેલ હોય એક ભેગી ચર્ચા કરવામા આવે છે:–

ઉપરોકત મુદાઓનો નિર્ણય વાદી અને પ્રતિવાદીઓની તકરારને ઘ્યાને રાખી કરવાથી સુગમતા રહેશે જેથી વાદીની તકરાર ટુંકમા જોવામા આવે તો પ્રતિવાદીઓએ ટેમ્પો માટે લોન લીધી અને તેના હપ્તા સમયસર ન ભરતા લોન પેટે મોરગેજ કરેલ ટેમ્પો બેન્કે ડીટેઈન કરી હરાજી કરી તેમાથી ઉપજેલ નાણા લોન એકાઉન્ટમા જમા કરી બાકી રહેતી રકમ અને તેની ઉપર પેન્લટી વ્યાજ સાથેની રકમ વસુલ લેવા માટેનો દાવો છે.

ત્યારે પ્રતિવાદીઓની દાવા વિરૂઘ્ઘ ટુકમા તકરાર એવી છે કે, વાદી બેન્કના જવાબદાર અધિકારીઓએ બેન્કની પ્રોસીજર પ્રમાણે ટેમ્પો ડીટેઈન કરી હરાજી કરી નથી અને મનસ્વીરીતે પોતાને લાભ થાય તેવી વૃતિથી કાર્યવાહી કરી ટેમ્પો ઓછી કિંમતે વેચી દઈ પાછળથી દસ્તાવેજોમા સહી કરાવડાવી હાલનો દાવો કરેલ છે. ત્યારે વાદીએ પોતાની તકરાર પુરવાર કરવા જે પુરાવા રજુ કરેલ છે તે પ્રતિવાદીની તકરાર પ્રમાણે પ્રોસીજર અને નિયમ પ્રમાણેના છે કે કેમ તે અંગે ઘ્યાન રાખી વાદીની તર્ફે રજુ અને પુરવાર પુરાવાઓ પૈકી વાદીએ પ્રતિવાદીઓએ હપ્તા ભરવામા ચુક કરી અને જેના કારણે ટેમ્પો ડીટેઈન કરવાની વાદી બેન્કને ફરજ પડી તે અંગે વાદી તરફે રજુ થયેલ પુરાવા જોવામા આવે તો વાદી તરફેના સાહેદના આંક–૩૫ ના એફીડેવીટમા એવુ રજુઆત છે કે,

પ્રતિવાદીઓએ મે–૧૯૯૬ સુધીમા લોન ભરપાઈ કેરલ ન હોવાથી ટાટા ટેમ્પો–૮૦૬ નો સીઝ કરેલો અને તે અંગે બેન્ક તરફથી કાયદેસર કાર્યવાહી કરી ટેમ્પો હરાજી કરવામા આવેલ અને હારજીમા ટેમ્પોની કિ.રૂા. ૧,૫૪,૩૦૦/– ઉપજેલ અને તે રકમ પ્રતિવાદીઓના ખાતામા તા. ૧૧/૦૮/૧૯૯૭ ના રોજ જમા આપેલ અને ત્યારબાદ પ્રતિવાદીઓના લોન ખાતામા તા. ૧૯/૦૫/૧૯૯૮ સુધીમા વ્યાજ મુદલ ખર્ચ સહીત કુલ રૂા. ૧,૮૧,૦૫૭/– બાકી પડેલની રજુઆત છે તે અંગે નિ. ૩/૧૨ નો દસ્તાવેજ બુક ઓફ એકાઉન્ટ વંચાણે લેતા તપા. ૧૯/૦૫/૯૮ ના રોજ રૂા. ૧,૮૧,૦૫૭/– રૂા. બાકી પડતા હોવાનુ જણાય છે.

(૧૫) ત્યારે આ કામે મુખ્ય તકરાર પ્રતિવાદીઓની લોનના હપ્તા ભરવાની ચુકનુ કારણ છે અને તેના અનુસંધાને બેન્કે પ્રતિવાદીઓનો ટેમ્પો ડીટેઈન કરેલ અને હરાજી કરી ટેમ્પોની ઉપજેલ કિંમત પ્રતિવાદીઓના લોન એકાઉન્ટમા જમા કરી બાકીની રકમ ઉપર વ્યાજ સહીત વસુલ મેળવવાની છે. ત્યારે વાદી સંસ્થા એ જાહેર સંસ્થા છે, બેન્ક છે અને ટેમ્પો ડીટેઈન કરતા પહેલા પ્રતિવાદીઓને નોટીસ આપવી જોઈએ તેમજ હરાજીની જે પ્રક્રિયા એ નિયમ પ્રમાણે કરવી જોઈએ ત્યારે વાદી તરફે નિયમ પ્રમાણે ઉપરોકત બાબતો કરવામા આવી નથી તેવી તકરાર છે. ત્યારે વાદી તરફેના સાહેદે આપેલ પુરાવાની પ્રતિવાદી તરફેની ઉલટતપાસમા કબુલ રાખેલ બાબતો માનવાને કારણ રહે છે કેમ કે વાદી તરફેના સાહેદ શ્રી પંડયા એ હકીકત કબુલ રાખે છે કે પ્રતિવાદીએ લોનનો હપ્તો બંધ કર્યો જેથી બેન્કે ૧૧–૦૧–૯૪ પહેલા નોટીસ આપેલ છે. તેઓ એવુ પણ કબુલે છે કે, બેન્ક મારફતે વ્યવહાર થયો હોય કે નોટીસ આપી હોય તો તેની ઓફીસ કોપી બેન્કમા રાખવામા આવે છે. તેઓ એમ પણ કબુલે છે કે, અમોએ આ દાવામા ટેમ્પો ઝપ્ત કર્યો તે પહેલાની નોટીસ રજુ કરી નથી. તેઓ એમ પણ કબુલે છે કે, લોનના હપ્તા ડયુ થયા હોય અને ગ્રાહકે ભર્યા ન હોય તો તે અંગેની નોટીસો પણ આ કામે રજુ થયેલ નથી. તેઓ એ હકીકત સ્પષ્ટપણે કબુલ

` છે કે, જે તે ગ્રાહકો લોન ભરતા ન હોય તેઓના વાહનો જપ્ત કરવામા આવે છે. જે તે ગાહકોને લોન ભરવાની તક આપ્યા બાદ જાહેર નોટીસ દૈનિક પેપરમા જે તે વાહનની અર્નેસ કિંમત, વાહન માલિકનુ નામ, વાહનનો પ્રકાર, નંબર વિગેરે જણાવવામા આવે છે અને જાહેર હરાજીની તારીખ અને સ્થળ નકકી કરેલ હોય છે. એ હુ કહી શકુ નહી કે પ્રતિવાદીના વાહન બાબતે જાહેર હરાજીની પ્રક્રિયા કરેલ કે કેમ. તેઓ એમ પણ કબુલે છે કે, જાહેર હરાજી તેમજ જાહેર નોટીસના પેપર્સ આ કામે નથી. તેઓ એમ પણ કબુલે છે કે, જાહેર હરાજી પહેલા વાહનનો રજીસ્ટર વેલ્યુઅર પાસે કિંમત પણ નકકી કરવામા આવેલ નથી કે વેલ્યુઅર રીપોર્ટ પણ રજુ કરેલ નથી. તેઓ એમ પણ કબુલે છે કે, ૧૯૯૭ માં ટેમ્પાની હરાજી થયા બાદ સને ૨૦૦૨ મા હાલનો દાવો દાખલ થયો છે. તેઓ એમ પણ કબુલે છે કે, સને ૧૯૯૪ મા પ્રતિવાદી ટેમ્પોના હપ્તા ભરતા ન હતા. ત્યારથી રાંદેરીયા શાખાની બેંક વાલીયા શાખામા મર્જ થઈ સને ૧૯૯૮ મા થઈ. આમ, સને ૧૯૯૪ થી ૧૯૯૮ સુધીના પ્રતિવાદીએ લોનના હપ્તા ભરવા બાબતે કોઈ પ્રોસીડીંગ કે દસ્તાવેજી પુરાવા આ કામે રજુ કરેલ નથી. તેઓ એમ પણ કબુલે છે કે સને ૧૯૯૮ મા પ્રતિવાદીને નોટીસ આપ્યા બાદ હાલનો દાવો દાખલ કર્યો છે.

(૧૬) ત્યારે પ્રતિવાદી તરફેના સાહેદ શ્રી સોમાભાઈ હિંમતભાઈ વસાવા તેઓના આંક–૧૪૨ ના સોગંદનામામાં સ્પષ્ટ જણાવે છે કે, વાદી બેન્કે કોઈ હરાજીની પ્રક્રિયા કરી નથી. તેઓએ એમ પણ જણાવેલ છે કે, વાદગ્રસ્ત ટેમ્પો નં. જીજે.૧૬.ટી.૭૦૦૭ નો સીઝ કરી હરાજી કરાવી તે તમામ પ્રક્રિયાના દસ્તાવેજી પુરાવા પત્ર તા. ૦૩/૦૮/૨૦૦૨ નો લખી માંગેલા છે. પરંતુ આજદીન સુધી તેવા દસ્તાવેજી પુરાવા અમો પ્રતિવાદીઓને આપેલા નથી તેવી હકીકતને વાદી તરફેના સાહેદશ્રી પંડયા ઉલટતપાસમા કબુલે છે કે હરાજી અંગના તથા નોટીસોના દસ્તાવેજો આ કામે રજુ કર્યો

નથી. જેથી પ્રતિવાદી તરફેની એ રજુઆત તથા વાદી તરફે પ્રતિવાદીઓનો તકરારી ટેમ્પો સીઝ કર્યો અને હરાજી કરી વેચાણ કર્યાની બાબત શંકાથી પર નથી.

(૧૭) પ્રતિવાદી તરફેના સાહેદ સની રમેશભાઈ પંચાલના આંક–૧૭૬ નો મૌખિક પુરાવો ધ્યાને રાખવામા આવે તો તેઓ ભરૂચ આર.ટી.ઓ કચેરીમા ફરજ બજાવે છે અને તેમણે આંક–૧૭૮ નુ પ્રમાણપત્ર પુરવાર કરેલ છે અને તેમા તેઓ લોન કેન્સલ થયાની બાબત લખેલાનુ સ્પષ્ટપણે જણાવે છે. ત્યારે આંક–૧૭૮ મા તા. ૨૭/૦૮/૯૭ ના રોજ લોન કેન્સલ થયાની બાબત સ્પષ્ટ લખેલ છે તેમજ સદર પ્રમાણપત્રમા સદર વાહન અત્રેની કચેરી ધ્વારા તા. ૦૨/૦૯/૧૯૯૭ મા ડુપ્લીકેટ આર.સી.બુક તથા આર.ટી.ઓ અમદાવાદની એન.ઓ.સી લઈ ગયેલાનો સ્પષ્ટ ઉલ્લેખ છે. સદર પ્રતિવાદી તરફેના સાહેદ પંચાલના આંક–૧૭૬ ના પુરાવા તથા આંક–૧૭૮ ના આર.ટી.ઓ ભરૂચના પ્રમાણપત્રની હકીકતથી તા. ૨૭/૦૮/૯૭ ના રોજ લોન કેન્સલનો ઉલ્લેખ તથા વાહન ભરૂચની આર.ટી.ઓ માથી અમદાવાદની આર.ટી.ઓ મા ટ્રાન્સફર થઈ ગયેલાની બાબતથી એ હકીકત માનવાને કારણ રહે છે કે, વાદી અને પ્રતિવાદી વચ્ચે લોન અંગેનો વ્યવહાર સમાપ્ત થયેલ ગણાય કારણકે તો જ વાહન પ્રતિવાદીના ખાતેથી અન્યના ખાતે ટ્રાન્સફર વિધિ કરી શકાય અને લોન સમાપ્તીની તારીખ ૨૭/૦૮/૯૭ સદર સાહેદના પુરાવા પ્રમાણે ગણી શકાય.

(૧૮) ત્યારે વાદીના કેસ પ્રમાણે તથા સાહેદ શ્રી યોગેશકુમાર જયશંકર પંડયાના આંક–૩૫ ના સોગંદનામામાં જણાવ્યા પ્રમાણે તેઓ એમ જણાવે છે કે, પ્રતિવાદી નં.૧ ના વારસોએ તા. ૧૪/૦૮/૯૯ ના રોજ બાકી લોનનો સ્વીકાર કરી અન્ય પ્રતિવાદીઓ સાથે એકનોલેજમેન્ટ સંયુકત રીતે લખી આપી હોય તારીખ ૧૪/૦૮/૯૯ થી કાયદા મુજબની ત્રણ વર્ષની મુદતમા દાવો આપેલો છે તેથી દાવો મુદતમા અને કાયદેસરની રજુઆત તેઓએ સરતપાસમા કરી છે. પરંતુ ઉલટતપાસમા તેઓ એવુ કબુલે છે કે ગ્રાહકની વ્યકિતગત ફાઈલો બેન્કમા રાખવામા આવે છે અને તેમા તમામ

પેપર્સ હોય છે. તેઓએ એમ પણ કબુલેલ છે કે, લોનના હપ્તા ડયુ થયા હોય અને ગ્રાહકે ભર્યા ન હોય તો તે અંગેની નોટીસો પણ આ કામે રજુ થયેલ નથી. આમ, સદર સાહેદની સરતપાસની ઉલટતપાસમા કબુલ રાખેલ બાબતથી સમર્થન મળતુ નથી અને તેઓની રજુઆત તટસ્થ અને રીલાએબલ ન હોવાનુ માનવાને કારણ રહે છે.

(૧૯) ત્યારે આ કામે વાદી તરફેના વિ.વ.શ્રી આર.સી.પરમારની દલીલ છે કે, હરાજીની પ્રક્રિયા આંક–૫૩,૫૫ અને ૫૭ ના દસ્તાવેજો વાદી તરફે પુરવાર કરવામા આવેલ છે. જેથી હરાજીની પ્રક્રિયા પુરવાર માનવી તેવી તેઓની દલીલ છે. ત્યારે પ્રતિવાદી તરફેના વિ.વ. શ્રી માટીએડાની એવી દલીલ છે કે, વાદી તરફે હરાજી કરવામા આવી જ નથી અને જે તે વખતના મેનેજર શ્રીએ મનસ્વી રીતે પોતાને લાભ થાય તે રીતે વાદવાળો ટેમ્પો વેચી દઈ જેની કાર્યવાહી સને ૧૯૯૭ માં પુરી થઈ ગયેલ હોવા છતા પાછળથી ગુજરનાર પ્રતિવાદીના વારસો પાસેથી સને ૧૯૯૯ ની સાલમા એકનોલેજમેન્ટ પર સહી કરાવી દાવાને મુદતમા લાવી ડીમાન્ડ અંગેની કોઈ નોટીસો કે હરાજી અંગેના કોઈ પુરાવા પુરવાર કરી શકેલ ન હોય દાવાનુ કારણ સ્પષ્ટ ન હોય દાવાને સમય મર્યાદાનો બાધ નડતો હોય દાવો રદ કરવાની દલીલ કરેલ છે.

ત્યારે આ કામે વાદી વકીલ શ્રીની દલીલ પ્રમાણે આંક–૫૩,૫૫ અને ૫૭ વંચાણે લેતા આંક–૫૩ નો પત્ર શાહ શાંતીલાલ ભાઈ રહે. નડીયાદ નાએ બેન્ક મેનેજર રાંદેરીયા બેન્ક ઓફ બરોડાને લખેલ છે. જેમા રૂા. ૧,૫૦,૩૦૦/– મા ટેમ્પો વેચાણ રાખવા ઈચ્છા ધરાવે છે તેવો ઉલ્લેખ છે. આંક–૫૫ નો વિપુલકુમાર વિનુભાઈ પટેલનો મેનેજરશ્રી બેન્ક ઓફ બરોડા રાંદેરીયા શાખાનો તા. ૧૧/૦૬/૯૭ નો જેમા પણ ગોડાઉનમા પડેલ ટેમ્પો રૂા. ૧,૩૮,૦૦૦/– મા વેચાણ રાખવા ઈચ્છા દર્શાવતો પત્ર જણાય છે. આંક–૫૭ રશ્મીકાંત શંકરલાલનો તારીખ ૦૩/૦૮/૯૭ નો મેનેજર શ્રી

બેન્ક ઓફ બરોડા રાંદેરીયા શાખાને રૂા. ૧,૫૫,૦૦૦/– મા તકરારી ટેમ્પો વેચાણ રાખવા ઈચ્છા છે તેવો પણ જણાય છે.

ત્યારે આ ત્રણે પત્રો વાદી વકીલશ્રીની દલીલ પ્રમાણે હરાજી અંગેની પ્રક્રિયાના જણાતા નથી. તદુપરાંત ઉપરોકત ત્રણે પત્રોમા કોઈ હરાજીથી જપ્ત કરેલ ટેમ્પાની બાબતનો પણ ઉલ્લેખ નથી. જેથી વાદી વકીલ શ્રીની હરાજીની પ્રક્રિયાની દલીલ ઉપરોકત દસ્તાવેજોને આધારે થયેલ માની શકાય નહી. જેથી તેઓની દલીલ સાથે હુ સહમત થતી નથી અને વાદી તરફેના સાહેદે જ પોતાની ઉલટતપાસમા સ્પષ્ટપણે કબુલેલ છે કે, તેમણે હરાજી અંગેના દસ્તાવેજો રજુ કરેલા નથી. ત્યારે આ કામે હરાજીની પ્રોસીજર વગર દાવાવાળો ટેમ્પો પ્રતિવાદીઓને તેઓનુ લોનના નાણા બાકી અંગેની નોટીસ વ્યવહાર પુરવાર થતો ન હોવાના તારણ પર આવુ છુ અને વાદી બેન્કના જે તે વખતના અધિકારી શ્રીએ પોતાની મનસ્વી રીતે ટેમ્પો જપ્ત કરી વેચાણ કરેલાની પણ બાબત માનવાને કારણ રહેતી હોય પ્રતિવાદી તરફેના સાહેદ શ્રી પંચાલે પુરવાર કરેલ આંક–૧૭૮ નો દસ્તાવેજ કે જે સ્પષ્ટ કરે છે કે લોન કેન્સલ થયેલ અને વાહન અન્ય આર.ટી.ઓ મા ટ્રાન્સફર થયેલ છે. ત્યારે તે પત્રની તારીખ ધ્યાને રાખી વાદી તરફે મર્હુમ પ્રતિવાદીના વારસો પાસે તા. ૧૪/૦૮/૯૯ માં બાકી દેવાની એકનોલેજમેન્ટ લખાવવાની બાબત ભારોભાર શંકા ઉપજાવે છે. જેથી પ્રતિવાદી તરફેનો કેસ તથા દલીલ છે કે, તેઓની અભણ અજ્ઞાનતાનો લાભ લઈ દસ્તાવેજો પર સહી લેવામા આવી હોવાની બાબતનો વાદી તરફેના મેનેજરશ્રીની શંકાશીલ કાર્ય પ્રધ્ધતિનની બાબતને સમર્થન મળતુ હોવાનુ ન માનવાને કોઈ કારણ નથી અને જેથી વાદી બેન્કના મેનેજરશ્રીએ મનસ્વી રીતે પોતાની ફરજમા નિષ્કાળજી સેવી પોતાની ભુલ સુધારવા માટે હાલનો દાવો કરેલાનુ પણ માનવાને કારણ રહે છે.

(૨૦) ઉપરોકત સમગ્ર ચર્ચાના અંતે વાદી બેન્કે પ્રતિવાદીઓના ટેમ્પોની નિયમ પ્રમાણે હરાજી કરી જ નથી તેવુ સાબીત માનવામા આવે છે. ત્યારે વાદીની તે સબબની કાર્યવાહીથી નિપજેલ પરીણામ પણ વ્યર્થ ઠરે છે તેમ ન માનવાને કોઈ કારણ નથી. વધુમા વાદી પોતે જ પોતાની દાવા અરજી પેરા–૯ મા અંતિમ ત્રણ લીટીમા પોતે જણાવે છે કે, આ કામના બીજા જામીનદારોએ તા. ૧૪/૦૮/૯૯ ની એકનોલેજમેન્ટ પર સહી કરેલી ન હોવાથી તેની વિરૂધ્ધ દાવો મુદતમા આવતો ન હોવાથી તેમની વિરૂધ્ધમા દાવો આપેલ નથી જે હકીકતથી વાદીએ પાછળથી એકનોલેજમેન્ટ પર સહી લીધી છે ની બાબત સ્પષ્ટ થતી હોય વાદીના દાવાને સમય મર્યાદાનો બાધ સ્પષ્ટપણે નડે છે.

(૨૧) પ્રતિવાદી તરફેના સાહેદ શ્રી પંચાલના પુરાવા પ્રમાણે દાવાવાળો ટેમ્પો તા. ૨૭/૦૮/૯૭ ના રોજ લોન કેન્સલ તથા અમદાવાદની કચેરીમા વાહન, ટ્રાન્સફરની બાબત પુરવાર કરેલ હોય દાવા તારીખે તકરારી ટેમ્પો અન્યને ટ્રાન્સફર થયેલ તે વ્યકિતને પક્ષકાર તરીકે જોડવા જોઈએ. પરંતુ વાદી તરફે તેમ કરવામા આવેલ ન હોય તથા વાદીએ જે પોતાની દાવા અરજીમા જામીનદારોએ સહી કરેલ ન હોય તેઓ વિરૂધ્ધ દાવો કરેલ ન હોવાની બાબતથી પણ જરૂરી પક્ષકારો વાદી તરફે જોડવામા આવેલ ન હોવાનુ સ્પષ્ટ માનવાને કારણ રહે છે.

(૨૨) ત્યારે વાદી તરફેની દાવાની મુખ્ય તકરારને સમર્થન આપવા વાદી તરફેના સાહેદ શ્રી પંડયા સોગંદ ઉપરના સોગંદનામામા જણાવે છે કે, લોનવાળો ટેમ્પો હરાજીમા વેચી દીધા બાદ તેમાથી ઉપજેલ રકમ રૂા. ૧,૫૪,૩૦૦/– લોન એકાઉન્ટમાથી બાદ આપ્યા બાદ પ્રતિવાદી નં.૧,૨ ના લોનના ખાતામા તા. ૧૧/૦૮/૯૭ ના રોજ જમા આપ્યા બાદ તા. ૧૯/૦૫/૯૮ સુધીમા વ્યાજ મુદલ ખર્ચ સહીત કુલ રૂપીયા ૧,૮૧,૦૫૭/– બાકી પડે છે અને બાકી પડે ત્યારથી તા. ૦૫/૦૮/૨૦૦૨ સુધીમા મરનાર પ્રતિવાદી નં.૧ અને ૨ સાથે થયેલ શરત મુજબના પીનલ દંડનીય વ્યાજની રકમ ૧૫% મુજબ

ગણતા તે વ્યાજ રૂા. ૬,૩૪,૧૧૫/– થાય તે મળી કુલ રૂા. ૮,૧૫,૧૭૨/– વ્યાજ મુદલ ખર્ચ સહીત બાકી પડેલ તે વસુલ મેળવવા હાલનો દાવો કરેલાની હકીકત જણાવી છે અને તેઓએ તેમની ઉલટતપાસમા એ હકીકત કબુલેલ છે કે, આંક–૨૪ થી નોટીસ આર.પી.એડીથી બજેલાની એકનોલેજમેન્ટ સ્લીપ છે તે તા. ૩૦/૦૭/૯૭ ના રોજ બજેલ છે. તેઓ એમ પણ કબુલેલ છે કે તા. ૧૯/૦૫/૯૮ ના રોજ પ્રતિવાદીના લેજરના ઉતારામા રૂા. ૧,૮૧,૦૫૭/– બાકી પડે છે. ત્યારે સદર લેજર તેઓએ આંક–૮૯ થી પુરવાર કરેલ છે તે વંચાણે લેતા તેમા તા. ૧૯/૦૫/૯૮ ના રોજ રૂા. ૧,૮૧,૦૫૭/– ની રકમ બાકીનો સ્પષ્ટ ઉલ્લેખ છે. તેજ પ્રમાણે વાદી તરફેના કેસ પ્રમાણે પ્રતિવાદીઓએ તા. ૧૪/૦૮/૯૯ ના રોજ બાકી લોનનો સ્વીકાર કરી અન્ય પ્રતિવાદીઓ સાથે એકનોલેજમેન્ટ સંયુકત રીતે લખી આપી હોય તા. ૧૪/૦૮/૯૯ થી વાયદા મુજબની ત્રણ વર્ષની મુદતમા આ દાવો આપેલાની સોગંદનામામાં હકીકત છે. ત્યારે તા. ૧૪/૦૮/૯૯ ની એકનોલેજમેન્ટ આ કામે વાદી તરફે આંક–૪૭ થી પુરવાર થયેલ છે. જે વંચાણે લેતા તેમા તા. ૧૪/૦૮/૯૯ ની તથા રકમ રૂા. ૧,૮૧,૦૫૭/– નો સ્પષ્ટ ઉલ્લેખ છે અને તેવી હકીકતને પ્રતિવાદી તરફેની ઉલટતપાસમા કબુલ પણ રાખેલ છે. ત્યારે વાદી તરફેના જ રજુ થયેલા સોગંદનામા તથા દસ્તાવેજી પુરાવાઓથી પ્રતિવાદી તરફેના સાહેદના આંક–૧૭૬ થી શ્રી પંચાલના પુરાવા પ્રમાણે સદર દાવાવાળો તકરારી ટેમ્પા અંગેની લોન તેઓએ પુરવાર કરેલા દસ્તાવેજ આંક–૧૭૮ અન્વયે તા. ૨૭/૦૮/૯૭ ના રોજ લોન કેન્સલનો ઉલ્લેખની બાબતથી વાદી તરફે જે રજુઆત છે કે, તા. ૧૯/૦૫/૯૮ સુધીમા વ્યાજ મુદલ સહીત કુલ રૂા. ૧,૮૧,૦૫૭/– બાકી પડે છે અને બાકી પડે ત્યારથી તા.૦૫/૦૮/૨૦૦૨ સુધીમા પીનલ દંડનીય વ્યાજની રકમ ૧૫% મુજબ ગણતા તે વ્યાજ રૂા. ૬,૩૪,૧૧૫/– થાય તે મળી રૂા. ૮,૧૫,૧૭૫/– વ્યાજ મુદલ ખર્ચ સહીત બાકી પડેલા અને તે વસુલ મેળવવાની

વાતને સ્પષ્ટપણે સમર્થન મળતુ ન હોય અને વાદી તરફેના જ સમગ્ર દસ્તાવેજી તથા સોગંદ ઉપરના પુરાવા પ્રતિવાદીના કેસને સમર્થન આપતા હોવાનુ ન માનવાને કોઈ કારણ નથી. કારણકે આંક-૧૭૮ મા લોન તા. ૨૭/૦૮/૯૭ ના રોજ કેન્સલ થયાનો ઉલ્લેખ છે તથા વાદીના પુરાવા પ્રમાણે તા. ૧૯/૦૫/૯૮ સુધીમા રૂા. ૧,૮૧,૦૫૭/- બાકી પડે છે તો પછી વાદી તરફે તારીખ ૧૪/૦૮/૯૯ ના રોજ બાકી લોન માટે પ્રતિવાદીઓના વારસો પાસે એકનોલેજમેન્ટ લખાવવાની બાબત ભારોભર શંકા ઉપજાવે તેવી છે અને તેમ છતા પણ તે વંચાણે લેવામા આવે તો તેમા દાવાવાળી રકમ રૂા. ૮,૧૫,૧૭૨/- નો ઉલ્લેખ નથી. પરંતુ માત્ર રૂા. ૧,૮૧,૦૫૭/- નો ઉલ્લેખ છે.

(૨૩) આમ, વાદી તરફે પ્રતિવાદીના કેસ પ્રમાણે પ્રતિવાદીઓના વારસો પાસે એકનોલેજમેન્ટ લખાવ્યાની બાબત વાદી તરફેના પુરાવાથી જ પુરવાર થાય છે તેમ ન માનવાને કોઈ કારણ ન હોય જેથી વાદી તરફે દાવાવાળી રકમ રૂા. ૮,૧૫,૧૭૨/- ની ગણતરી મન્સવી રીતે કરેલાનુ સ્પષ્ટ જણાય છે અને રૂા. ૮,૧૫,૧૭૨/- ની માંગણી વાદી તરફે કોઈ દસ્તાવેજી પુરાવાથી પુરવાર થતી ન હોવાના તારણ પર આવુ છુ.

(૨૪) ઉપરોકત ચર્ચાના અંતે વાદી તરફે તેઓના દાવાને સ્પષ્ટ પણ મુદતનો બાધ નડે છે તથા જરૂરી પક્ષકારોને પણ જોડેલ ન હોવાનુ તારણ નીકળેલ હોય તથા દાવાવાળી રકમ રૂા. ૮,૧૫,૧૭૨/- ની પણ પુરવાર થતી ન હોય મુદા નં.૨,૩,૪,૭ નો નિર્ણય નકારમા તથા મુદા નં. ૫,૬ નો નિર્ણય ચર્ચા પ્રમાણે આપી મુદા નં. ૮ નો નિર્ણય આખરી હુકમના સ્વરૂપે આપુ છુ.

:: <u>આખરી હુકમ</u> ::

(૧) વાદીનો દાવો આથી નામંજુર કરવામા આવે છે.

(૨) બંને પક્ષકારોએ પોત પોતાનો ખર્ચ જાતે ભોગવવાનો હુકમ કરવામા આવે છે.

(૩) હુકમ મુજબ હુકમનામુ દોરવું.

હુકમ આજરોજ તા. ૧૧ મી ફેબ્રુઆરી સને ૨૦૨૫ ના રોજ ખુલ્લી અદાલતમા વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૧૧/૦૨/૨૦૨૫ સ્થળ: ઝઘડીયા.	(એચ.એસ.પટેલ) પ્રિન્સીપાલ સીની.સિવીલ જજ ઝઘડીયા.જી.ભરૂચ. **યુનીક જજ કોડ – જી.જે.૦૦૯૬૯**